* * * * * * * * *

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન માધ્યમિક શાળા સેલ હસ્તકની વિવિધ માધ્યમોની શાળાઓ ખાતે વિવિધ વિષયો માટે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૯૯/૨૦૨૫, તા.૧૨/૦૩/૨૦૨૫ થી ૧૧ માસ માટે ઉપસ્થિત કરવામાં આવેલ કરારીય શિક્ષકોની કરારીય ધોરણે માસિક ફીકસ વેતનથી ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે જાહેરાત ક્રમાંક : નં.પી.આર.ઓ./૫૩૭/૨૦૨૪–૨૫, તા.૨૪/૦૩/૨૦૨૫ થી નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે તા.૨૬/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ દરમ્યાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. ઓનલાઈન મળેલ અરજીઓનું ડોકયુમેન્ટ વેરીફીકેશન તા.૧૪/૦૫/૨૦૨૫ તથા તા.૧૫/૦૫/૨૦૨૫ દરમ્યાન સુમન માધ્યમિક શાળા નં.૧૮,નારાયણ નગર, મિરામ્બિકા સોસાયટીની સામે, કાલાપુલ,પુનાગામ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. જે ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં હાજર રહી વેરીફીકેશન કરાવેલ ઉમેદવારોની ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ , ઉડીયા તથા અંગ્રેજી માધ્યમના જે તે વિષય માટેની અરજીના અનુસંધાને શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની પ્રાથમિક ખરાઈ કરવામાં આવ્યા બાદ **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ (PML)(Annexure-1)**, અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી**(Annexure-2)**, ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેતા અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી **(Annexure-3)** આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**ઉમેદવારે નીચે જણાવ્યા મુજબની તેમજ મુળ જાહેરાતની વિગતવાર સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

- કરારીય શિક્ષકોની ભરતી અંગેની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦' અને મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' ના લક્ષ્યો મુજબ ગુણવત્તાયુકત શિક્ષણના હેતુ માટે શિક્ષણ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ અને રાજય પરીક્ષાબોર્ડ ધ્વારા લેવાતી દ્વિસ્તરીય TAT(માધ્યમિક) માં મેળવેલ ગુણના **૧૦૦ ટકા ભારાંક** મુજબ તેમજ ડોકયુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન ઉમેદવારોની ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ , ઉડીયા તથા અંગ્રેજી માધ્યમના જે તે વિષય માટેની અરજીના અનુસંધાને ઉમેદવારો ધ્વારા ડોકયુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની પ્રાથમિક ખરાઈ કરી **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ (PML)** માં સમાવેશ કરી **Annexure-1** તરીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- જે ઉમેદવારે જે તે વિષય માટે અરજી કરેલ છે તે માટેની નિયત શૈક્ષણિક લાયકાત પુરવાર કરી શકેલ નથી/ધરાવતા નથી કે તે મુજબના ડોકયુમેન્ટ રજૂ કરી શકેલ નથી તેવા અમાન્ય ઠરેલ અરજીના ઉમેદવારોની યાદી અમાન્ય ઠરવાના કારણો સહિત **Annexure-2 ત**રીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેતા અમાન્ય થયેલ ઉમેદવારોની યાદી **Annexure-3** તરીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ઉમેદવારે પોતાની અરજીમાં દર્શાવ્યા મુજબની પોતાની શૈક્ષણિક લાયકાતોના ગુણના ઉપર જણાવ્યા મુજબના રાજય પરીક્ષાબોર્ડ ધ્વારા લેવાતી દ્વિસ્તરીય TAT(માધ્યમિક) માં મેળવેલ ગુણના ૧૦૦ ટકા ભારાંક મુજબ પોતાના મેરીટની ગણતરી કર્યા બાદ, **PML** માં પોતાના મેરીટની ઉપરાંત પોતાના નામની ચકાસણી કરી લેવાની રહેશે અને જો તેમાં કોઈ ક્ષતિ જણાય તો તે અંગે આ સાથે સામેલ કવેરી ફોર્મમાં વિગતો દર્શાવી પોતાની વાંધા અરજી જરૂરી આધાર–પુરાવાઓની નકલ સહિત **તા.૩૧/૦૫/૨૦૨૫** સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં રીક્રુટમેન્ટ વિભાગમાં રૂબરૂ રજૂ કરવાની રહેશે. વાંધા અરજીમાં ઉમેદવારે પોતાનું નામ, અરજી નંબર, વિષય તેમજ PML લીસ્ટનો પોતાનો અનુક્રમ નંબર અચૂક દર્શાવવાનો રહેશે.

  (તા.૩૧/૦૫/૨૦૨૫ બાદ તેમજ ઈ–મેઈલ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી)

  **(ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલા ઉમેદવારોની અરજી અમાન્ય ઠરેલ હોય, તેઓ વાંધા રજૂ કરી શકશે નહી.)**
- જે આખરી મેરીટયાદી તૈયાર થાય તે અન્વયે ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ , ઉડીયા તથા અંગ્રેજી માધ્યમના જે તે વિષયની યાદીના મેરીટક્રમ મુજબ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી જે તે વિષય માટેની કરારીય શિક્ષકોની જાહેરાત મુજબની ખાલી જગ્યાની આખરી પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે.

* * * * * * * * *

# સુરત મહાનગરપાલિકા
રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ,મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત.

## Recruitment of Teacher (Contractual) for SUMAN School

PRO No.537, Dt.24/03/2025

### Query form

**PML_Sr.No. ________**

**Medium : ___________________** **Subject : ____________________________**

**Appli_Name : ________________________________________** **Appli_No.: 0537/240325/____/______/________.**

| Sr. No. | Degree | Medium | Subject | Passing Month /Year | Marks Obtained | Total Marks |
|---|---|---|---|---|---|---|
| 1 | **TAT**<br>**Seat No. ______________** | | | | | |

**વાંધા ટૂંકમાં જણાવવા :–**

**બિડાણ :–**

**અરજદારની સહી**